# કલા વ્યાપારી (આર્ટ ડીલર)

આર્ટ ડીલર કલાકારો દ્વારા તૈયાર કરવામાં આવેલ કલાકૃતિઓ ખરીદે છે અને વેચે છે. તેઓ કલા સંગ્રાહકો, ગેલેરીઓ અથવા સંગ્રહાલયો જેવા કલાકૃતિઓનો સંગ્રહ કરવા માગતી સંસ્થાઓ અથવા લોકો તેમજ કલાકારો વચ્ચે મધ્યસ્થીની ભૂમિકા ભજવે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમને પ્રયોગો કરવા ગમે છે
- તમને લલિતકલાને લગતા અભ્યાસક્રમમાં જોડાવું પસંદ છે
- તમે કલા અને સંગીતનો અભ્યાસ કરવામાં રૂચિ ધરાવો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૩૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. લલિત કલા/કલા ઇતિહાસ અથવા સંબંધિત કોઇ પણ વિષયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

સ્નાતક પૂર્ણ કર્યાબાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી બાદ, આધુનિક અથવા સમકાલીન ભારતીય કલા અથવા સમાન ક્ષેત્રોમાં પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા કોર્ષ કરો. **અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને પછી માર્કેટિંગ અને વેચાણમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

આર્ટ ડિલરનું માસિક વેતન **રૂ. ૨૫,૫૮૩** અથવા તેથી વધુ હોય શકે છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Industry-Art_Dealer/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સંગ્રહાલયો, આર્ટ ગેલેરીઓ, સ્વ-રોજગાર.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક નથી અને મુસાફરી કરવી એ તમારી કામગીરીનો એક ભાગ હોઈ શકે છે. અંશકાલિન (પાર્ટ-ટાઈમ) નોકરીની તકો ઉપલબ્ધ થઈ શકે છે. સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરવાનું રહે છે. આ કંપનીએ મુજબ તેમાં ફેરફાર હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન/આસિસ્ટન્ટ આર્ટ ડીલર → આર્ટ ડીલર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ક્યુરેટર, આર્ટ ડીલર, આસિસ્ટન્ટ ક્યુરેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ફાઈન આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા(જે.એમ.આઈ.), નવી દિલ્હી -
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૩. સાવિત્રીબાઈફૂલે, પુણે યુનિવર્સિટી
૪. ગુજરાત આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ
૫. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૬. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ
૭. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમ.એસ.યુ.), વડોદરા
૮. સિમશ્રી મુંબઈ - સિડનહામ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ રિસર્ચ અને એન્ટરપ્રેન્યોરશીપ એજ્યુકેશન, મુંબઈ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. મણિપાલ યુનિવર્સિટી ઓફ હાયર એજ્યુકેશન, મણિપાલ
૨. એલપીયુ જલંધર - લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી
૩. સેન્ટ ઝેવયર્સ કૉલેજ, અમદાવાદ
૪. એન.આઈ.એમ.એસ. યુનિવર્સિટી, જયપુર
૫. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૬. કોનેરુલક્ષ્મૈયા એજ્યુકેશન ફાઉન્ડેશન - કે.એલ. યુનિવર્સિટી, ગુંટુર
૭. આદમસ યુનિવર્સિટી, કોલકાતા
૮. ગ્રેટ લેક્સ ચેન્નાઈ - ગ્રેટ લેક્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (ઇગ્નુ)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc20_hs09/preview
- swayam.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**ફ્રેક બાર્થેલેમી** બેંગ્લોર સ્થિત ફ્રેન્ચ આર્ટ ડીલર છે જેમણે ૯૦ના દાયકાની શરૂઆતમાં બોમ્બેમાં ફ્રાન્સના દૂતાવાસ સાથે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તે પછી તે એક્સોન-મોબિલ અને થોડા વર્ષો પછી બ્રિટિશ પેટ્રોલિયમમાં જોડાયા. તેઓ વિવિધ વરિષ્ઠ હોદ્દાઓ પર માર્કેટિંગ, ટ્રેડિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટની કામગીરી નિભાવતા હતા. પરંતુ તે એક વિશ્રામ દરમિયાન તેમણે ભારતીય કલાના પરિદ્રશ્યને વધુ ઊંડાણપૂર્વક સમજવાનું નક્કી કર્યું અને પછી પાછળ વળીને જોયું નહીં. તેમની કંપનીનું નામ નોગાયા હોમ ડેકો પ્રાઈવેટ લિમિટેડ છે. તેણે ઈ.ડી.એચ.ઈ.સી. બિઝનેસ સ્કૂલ, ફ્રાંસમાંથી એમ.બી.એ. કર્યું છે.*

સ્રોત: https://www.svasahomes.com/the-renaissance-man/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.